# મહે.૧૧[માં] એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ સમક્ષ, મુ.વડોદરા.

GJVD021285332025

| | | |
|---|---|---|
| ફોજદારી કેસ નં. | :: | ૧૧૭૮૬૧/૨૦૨૫ |
| આંક | :: | |

| | |
|---|---|
| ફરિયાદી :- | શ્રી સરકાર |

**-:: વિ રૂ ધ્ધ ::-**

| | |
|---|---|
| આરોપી :- | **બિપીનભાઈ નટવરલાલ સોની**<br>રહે.એફ/૪૦૨, ઉપવન હેરીટેજ, ન્યુ વીઆઈપી રોડ, વડોદરા. |

| |
|---|
| **ગુન્હો : ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી), ૮૫(૧) મુજબ.** |

## -:: હુ ક મ ::-

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફે આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી), ૮૫(૧) મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આ કામે ચાર્જશીટ રજુ થતાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૯૦(૧)(બી) પ્રમાણે આરોપી સામે ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૪ અન્વયે સમન્સ ઈસ્યુ કરવામાં આવતાં, આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૦૭ મુજબ આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો પૂરી પાડવામાં આવેલ છે, ત્યારબાદ આરોપી તરફે કબુલાત પુરસીસ રજુ કરી, આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ હોવાની હકીકત જણાવેલ છે અને વિશેષમાં જણાવે છે કે, તેઓ ગરીબ ઈસમ છે, છુટક મુજરી કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે. તેમજ તેઓએ દારૂ પીધેલી હાલતમાં કોઈ સાથે ખરાબ વર્તન કે ઝઘડો કરેલ નથી, સદરી ગુન્હો પ્રથમ વખતનો ગુન્હો છે, તેઓ તેમની ભુલ સુધારવા માંગે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઈ ગુનાહિત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે.

P.T.O.

(૩) ઉપરોકત હકીકત તેમજ હાલના આરોપીનું નિવેદન ધ્યાને લેતાં, આરોપીની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. કોઈએ આરોપીને કોઈ લાલચ કે પ્રલોભન આપેલ નથી, ગુનાની સજાની જોગવાઈ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે, તેમ છતાં પોતે સ્વૈચ્છિક કબુલાત કરતા હોઈ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવેલ છે. આમ, આરોપીની રજુઆત તેમજ તેની સામાજીક અને આર્થિક સ્થિતિ અને કેસના જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે, તે તમામ હકીકતને ધ્યાને લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કિસ્સો જણાય છે અને આ બાબતે **જી.એલ.આર. ૨૦૦૫ નામદાર માનવંત ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિ.સ્ટેટ** નો ચુકાદો ધ્યાને લેતા, આરોપીને આવા કિસ્સામાં ન્યુનતમ સજા કરતાં પણ ઓછી સજા કરી શકાય તેમ જણાતું હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:: હુ ક મ ::-

ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૪૧ અન્વયે, આ કામના આરોપીને પ્રોહીબીશન એકટની કલમ - ૬૬(૧)(બી), ૮૫(૧) મુજબના ગુનામાં, સંયુકત રીતે તકસીરવાન ઠરાવી **રૂા.૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા)** નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો **દિન-૦૩** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.**૧૩** માહે : **સપ્ટેમ્બર** સને : **૨૦૨૫** ના રોજ **સ્પેશયલ સીટીંગમાં** વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

**તા.૧૩/૦૯/૨૦૨૫**
**સ્થળ : વડોદરા.**

**( કવિતા ગેહલોત )**
૧૧માં એડી. જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ,
વડોદરા.
**કોડ નં.જીજે ૦૧૭૬૮**

P.T.O.